જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૬/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૮૧૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૨ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૩૩૧ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૩ સ્કુટર અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૭ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૫,૪૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૮૧૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૨૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૮૧૨/૨૦૨૬**

સાબરમતીઃ રેખાબહેન વા/ઓ બીપીનભાઇ પંચાલ (ઉ.વ.૫૪)(રહે.પરમસુખ સોસાયટી ગેટ નંબર–૬ પિંક સીટી પાસે રાણીપ) એ તા.૦૯/૦૬/૨૦૨૬ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૩/૨૦૨૪ બપોરના ૧/૦૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન પ્રાનિલ એજ્યુકેશન સર્વિસ નામની કંપનીની ઓફીસ "એસ.વી.સ્કેવર" ન્યુ રાણીપ ખાતે આરોપી (૧) અરવિંદ સુનિલકુમાર તિવારી તથા આરોપી (૨) કોમલ અરવિંદ તિવારી (બંને રહે.ન્યુ રાણીપ) તથા વિશાલ ત્રિપાઠીએ ભેગામળી રેખાબહેનના પુત્રનો પાસપોર્ટ મેળવી લઇ પરત નહી કરી તેમજ તેમના પુત્રવધુની વર્ક પરમીટની કાર્યવાહી નહી કરી, રેખાબહેન પાસેથી કુલ રૂપિયા ૨૦,૭૫,૦૦૦/– મેળવી લઇ, તેમના દિકરા મયુરને કેનેડા નહી મોકલી તેને નોકરી અપાવવાની વાતચીત કરેલ હોવા છતા નોકરીનો ઓફર લેટર નહી આપી રેખાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.રાવ ચલાવે છે.

ઘાટલોડીયાઃ સુરેશભાઇ બાલાશંકર રાજગૂરૂ (ઉ.વ.૬૭)(રહે.આકાશગંગા એપાર્ટમેન્ટ સોલા રોડ, નારણપુરા) એ તા.૦૯/૦૬/૨૦૨૬ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૫/૨૦૨૬ સાંજના ૭/૩૦ વાગ્યા થી ૮/૦૦ વાગ્યા દરમ્યાન નારણપુરા સોલા રોડ પારસનગર ખાતે આવેલ "દીપ ઇલેક્ટ્રીક" નામની પોતાની દુકાન ખાતે ફેસબૂક ઉપર વીડીયો જોતા હતા ત્યારે વીડીયો જોવા માટેની લીંક ઓપન કરતા આ લીંકથી સુરેશભાઇનો ફોનને હેક કરી અજાણી વ્યક્તિએ સુરેશભાઇના ગૂગલ–પે નો પાસવર્ડ મેળવી લઇ તેમના બંને બેંક એકાઉન્ટમાંથી કુલ રૂપિયા ૯૯,૦૦૦/– ટ્રાન્સફર કરી લઇ સુરેશભાઇ સાથે છેંતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.જે.પંડ્યા ચલાવે છે.

એરપોર્ટઃ પ્રકાશભાઇ ગુલાબરાય રાજપાલ (ઉ.વ.૫૬)(રહે.સિંધી કોલોની એરપોર્ટ પાસે, સરદારનગર) એ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૬/૨૦૨૬ સવારના ૧૦/૦૦ વાગ્યા થી ૧૧/૩૫ વાગ્યા દરમ્યાન કોઇ અજાણી વ્યકિતએ પ્રકાશભાઇનો મોબાઇલ ફોન હેક કરી અલગ-અલગ ફ્લીપ કાર્ટ ટ્રાન્ઝેકશન થી પ્રકાશભાઇના ક્રેડીટ કાર્ડમાંથી કુલ રૂપિયા ૧,૧૯,૦૪૩/- ઓનલાઇન મેળવી લઇ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.એસ.પટેલ ચલાવે છે.

સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ- **સમાચાર યાદી નં.૮૧૩/૨૦૨૬**

નરોડાઃ સંજયભાઇ અશોકભાઇ ટેહલાની (ઉ.વ.૫૧)(રહે.કર્ણાવતી વિવાંતા, જર્મન હોટલ પાછળ, ભાટ ગામ) એ તા.૦૯/૦૬/૨૦૨૬ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૬/૨૦૨૬ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે નરોડા પાટીયા સર્કલ પાસે આવેલ સીટી સેન્ટર કોમ્પલેક્ષની બાજુમા ગંગોત્રી સોસાયટી તરફ જવાના રોડ ઉપર સંજયભાઇના પિતા અને માતા પોતાની કારમાં બેસવા જતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષએ ભેગામળી સંજયભાઇની માતાના ગળામા પહેરેલ સોનાની ચેઇન કિમંત રૂપિયા ૧,૭૫,૦૦૦/- મતાની ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.આર.ચૌધરી ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૮૧૪/૨૦૨૬**

વટવાઃ કિરણભાઇ સ/ઓ ગણપતભાઇ પંચાલ (ઉ.વ.૩૫)(રહે.ભક્તી એલીગન્સ વિક્રમપાર્ક રોડ ઠક્કરબાપાનગર) એ તા.૦૯/૦૬/૨૦૨૬ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૫/૨૦૨૬ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે વટવા રોપડા પાટીયા પાસે આવેલ શ્રીરામ ફુડ કોર્નર પાસે પાર્ક કરેલ પોતાની હુંડાઇ કારનો ડાબી બાજુનો પાછળનો કાચ તોડી અજાણી વ્યકિત કારમાંથી સેમસંગ કંપનીના ટેબ્લેટ નંગ-૨ કુલ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/-, એપલ કંપનીનુ આઇપેડ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.રાઠોડ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૮૧૫/૨૦૨૬**

સાબરમતીઃ પ્રિતીબહેન વા/ઓ વિજયરામ લહારીયા (ઉ.વ.૪૨)(રહે.ગણેશવાટીકા સોસાયટી પિપળેશ્વર સોસાયટીની બાજુમાં ચેનપુર સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૬/૨૦૨૬ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે જલદ પ્રવાહી પી લેતાં સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૯/૦૬/૨૦૨૬ બપોરના ૧૨/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રમેશભાઈ મંગળભાઈ ચલાવે છે.

અમરાઈવાડીઃ (૧) જસ્પાલભાઇ નાગરભાઇ ડાભી (ઉ.વ.૪૪)(રહે. ન્યુ ભવાનીનગર વાલભાનગર સામે મેટ્રો પિલ્લર નંબર.૫૭ પાસે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૬/૨૦૨૬ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુક સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી માનસિંહ અભેસિંહ ચલાવે છે.

અમરાઈવાડીઃ (૨) હિરલબેન ડો/ઓ અતુલકુમાર ભટ્ટ (ઉ.વ.૩૮)(રહે.ઈન્દીરાનગર ટોરેન્ટ પાવરની સામે અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૬/૨૦૨૬ રાતના ૧૧/૫૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે પોતાના ઘરે કોઇ ઝેરી પ્રવાહી પી લઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હિતેષકુમાર ગોવિદભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી